

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 17
Issue : 299
Dt.: 09-07-2025, Wednesday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

બૅન્ક-પોસ્ટઑફિસ બંધ રાખવાની ચીમકી

## આજે ભારત બંધનું એલાનઃ ૨૫ કરોડ કર્મચારીઓએ બાંયો ચડાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશના ૧૦ કેન્દ્રીય વેપાર સંગઠનોએ સંયુક્ત ધોરણે આવતીકાલે ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારત બંધનું એલાન કર્યું છે. જેમાં બૅકિંગ, કોલસા ખાણકામ, પોસ્ટ ઑફિસ, ઈન્સ્યોરન્સ કંપની અને પરિવહન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાશે.

સરકારની 'કોર્પોરેટ-તરફેણ, મજૂર-વિરોધી અને ખેડૂત-વિરોધી' નીતિઓનો વિરોધ કરતાં આ બંધનું એલાન કરવામાં આવ્યું છે. જો કે, શાળાઓ, કૉલેજો અને ખાનગી ઑફિસો ખુલ્લી રહેશે, પરંતુ દેખાવોના કારણે ઘણા સ્થળો પર ટ્રાફિકની સમસ્યાઓ નડી શકે છે.

બેન્ક અને વીમાઃ જાહેર ક્ષેત્રની બૅક્રો અને વીમા કંપનીઓના કર્મચારીઓ હડતાળ પર રહેશે, જેના કારણે વ્યવહારો અને ચેક ક્લિયરન્સ પર અસર પડી શકે છે. બૅક્ર યુનિયનો દ્વારા સેવાઓ આવતીકાલે બંધ રહેવાની અલગથી જાહેરાત થઈ નથી. પરંતુ હડતાળના આયોજકોનું કહેવું છે કે જાહેર ક્ષેત્ર અને સહકારી બૅક્રોના કર્મચારીઓ તેમાં સામેલ છે. જેથી તેઓ બંધ પાળશે.

ટપાલ સેવાઓઃ પોસ્ટ ઑફિસ અને કુરિયર સેવાઓ ખોરવાઈ જવાની અપેક્ષા.

કોલસા ખાણકામ અને કારખાનાઓઃ કોલ ઈન્ડિયા અને અન્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કામકાજ બંધ રહેશે.

શેરબજાર અને બુલિયન બજારઃ શેર માર્કેટ અને બુલિયન બજાર બંને આવતીકાલે ૯ જુલાઈના રોજ ખુલ્લા રહેશે.

જાહેર પરિવહનઃ ઘણા રાજ્યોમાં બસ અને ટેક્સી સેવાઓ પ્રભાવિત થશે, પરંતુ ખાનગી વાહનો ચાલુ રહેશે.

રેલવેઃ જોકે રેલ્વે યુનિયનોએ ઔપચારિક હડતાળનું એલાન કર્યું નથી, કેટલાક વિસ્તારોમાં વિરોધને કારણે સ્થાનિક ટ્રેનો પ્રભાવિત થઈ શકે છે.

કર્મચારીઓના વિરોધ પાછળના મોટા કારણ

શ્રમ મંત્રીને ૧૭ સૂચી માગપત્ર સોંપ્યા હતા. પરંતુ કોઈ કાર્યવાહી હાથ ધરી ન હતી.

૧૦ વર્ષથી વાર્ષિક લેબર કોન્ફરન્સ યોજાઈ નથી.

નવા લેબર કોડ મારફત વેપાર સંગઠનોને નબળા બનાવવાનો પ્રયાસ

કામના કલાકો વધ્યા, શ્રમિકોના અધિકારો ઘટ્યાની માગ

ખાનગીકરણ અને કોન્ટ્રાક્ટેક્ચ્યુઅલ નોકરીઓને પ્રોત્સાહનનો વિરોધ

વધુ ભરતી અને સારા પગારની માગને નજરઅંદાજ

યુવા બેરોજગારીનો મુદ્દો ઉકેલવો

ભારત બંધમાં સામેલ સંગઠન

ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (INTUC)

સેન્ટર ઑફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (AITUC)

ટ્રેડ યુનિયન કોંગ્રેસ (TUC)

સેલ્ફ એમ્પ્લોઇડ વિમન્સ ઍસોસિએશન (SEWA)

ઓલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ટ્રેડ યુનિયન્સ (AICCTU)

હિન્દ મજદૂર સભા (HMS)

લેબર પ્રોગ્રેસિવ ફેડરેશન (LPF)

યુનાઈટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (UTUC)

---

નેતન્યાહૂ-ટ્રમ્પનો મેગાપ્લાન તૈયાર

## પેલેસ્ટાઈનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવાની તૈયારી

રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝાવાસીઓને સ્થળાંતર કરવાના વિવાદાસ્પદ પ્રયાસોનો પણ સંકેત આપ્યો છે



(સંપૂર્ણ સમાચાર સેવા)ઈઝરાયલ

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ હાલમાં અમેરિકાના પ્રવાસે છે. ગયા સોમવારે, યુએસ પ્રમુખ ટ્રમ્પ અને નેતન્યાહૂએ વ્હાઈટ હાઉસમાં ડીનર કર્યું હતું. આ દરમિયાન, ગાઝામાં યુદ્ધવિરામના મુદ્દા પર ચર્ચા થઈ હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝાવાસીઓને સ્થળાંતર કરવાના વિવાદાસ્પદ પ્રયાસોનો પણ સંકેત આપ્યો છે.

ટ્રમ્પ દ્વારા આયોજિત ડીનરની શરુઆતમાં, નેતન્યાહૂએ કહ્યું કે, 'અમેરિકા અને ઈઝરાયલ પેલેસ્ટિનિયનોને અન્ય દેશોમાં વસાવવા માટેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. અમે પેલેસ્ટિનિયનોને સારું ભવિષ્ય આપવા માંગીએ છીએ. આવી સ્થિતિમાં ગાઝાના લોકોને પડોશી દેશોમાં શિફ્ટ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.'

નેતન્યાહૂએ વધુમાં કહ્યું કે, 'જો પેલેસ્ટિનિયનો ગાઝામાં રહેવા માંગતા હોય, તો તેઓ રહી શકે છે પરંતુ જો તેઓ સ્થળાંતર કરવા માંગતા હોય, તો તેઓએ જવું જોઈએ. અમે આ લોકો માટે એવા દેશો શોધવા માંગીએ છીએ, જ્યાં તેમને સ્થળાંતરિત કરી શકાય. અમે આવા દેશો શોધવાની નજીક છીએ.

પેલેસ્ટાઈનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવા અંગે નેતન્યાહૂએ કહ્યું કે, 'ઈઝરાયલ અને અમેરિકા એવા દેશ બાબતે વિચાર કરી રહ્યા છે જે પેલેસ્ટાઈનના નાગરિકોને શરણ આપવા માટે તૈયાર હોય.' અગાઉ ટ્રમ્પે ગાઝા માટે ૫-મુદ્દાની યોજના તૈયાર કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોએ ગાઝા પટ્ટી ખાલી કરવી પડશે. તેમણે ઈજિપ્ત, જોર્ડન અને અન્ય દેશોમાં કાયમી રીતે સ્થાયી થવું જોઈએ. હવે ગાઝા રહેવા યોગ્ય નથી. ગાઝા ખાલી કર્યા પછી, અહીં પુનર્નિર્માણ કાર્ય ખૂબ જ જોશથી કરવામાં આવશે અને ગાઝા મધ્ય પૂર્વના રિવેરા બની જશે.' આ અંગે ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે, 'અમે ગાઝાને મધ્ય પૂર્વનો રિવેરા બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. રિવેરાએ ઈટાલિયન શબ્દ છે, જેનો અર્થ દરિયાકિનારો થાય છે. ફ્રેન્ચ રિવેરા અને ઈટાલિયન રિવેરા સમગ્ર વિશ્વમાં તેમના પર્યટન માટે પ્રખ્યાત છે. તે જ રીતે ટ્રમ્પ ગાઝાને પર્યટન કેન્દ્ર તરીકે વિકસાવવા માંગે છે. આ ટ્રમ્પ અને નેતન્યાહૂની ત્રીજી મુલાકાત છે.બંને નેતાઓની એવા સમયે મુલાકાત થઈ જ્યારે ઈઝરાયલી અધિકારીઓ હમાસ સાથે યુદ્ધવિરામ અંગે ચર્ચા કરી રહ્યા છે. આ વાટાઘાટોમાં અમેરિકા પણ મધ્યસ્થી છે. આ કરાર અંગે વાતચીતનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે.

---

હિમાચલમાં વાદળ ફાટતા ૩૦ લોકો ગૂમ

## હિમાચલમાં ૧૫ દિવસમાં વાદળ ફાટવાની ૧૯ ઘટના

### રાંચીમાં એક, નાગાલેન્ડમાં ત્રણ લોકોએ જીવ ગૂમાવ્યો

### એમપીના અનેક જિલ્લામાં પૂર, ચારમાં શાળાઓ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આ ચોમાસામાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સ્થિતિ વધુ કફોડી બની ગઈ છે. હિમાચલમાં ચોમાસુ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી ભુસ્ખલનની ૧૬, વાદળ ફાટવાની ૧૯ અને પૂરની ૨૩ ઘટનાઓ સામે આવી ચુકી છે અને મૃત્યુઆંક ૮૦ સુધી પહોંચવા આવ્યો છે.

મંગળવાર અને બુધવારે પણ આ પહાડી રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. અન્ય રાજ્યોમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજસ્થાનમાં આ ચોમાસામાં સામાન્ય કરતા ૧૨૬ ટકા વધુ વરસાદ પડયો છે. ૧ જૂનથી ૭ જુલાઈ સુધી રાજ્યમાં ૧૮૩.૫ મીમી વરસાદ નોંધાયો છે. ઝારખંડમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે, રાજ્યના પાંચ જિલ્લામાં હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે રાંચીમાં એક મકાન ધરાશાયી થતા એક ૧૨ વર્ષના સગીરનું મોત નિપજ્યું હતું.

ઉત્તરાખંડમાં પણ હિમાચલ જેવા હાલ છે, ઉત્તરાખંડમાં યમુનોત્રી તરફ જતા ઓજરી પાસે નેશનલ હાઈવેનો પુલ પાણીમાં ધોવાઈ ગયો હતો. જેને પગલે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. અહીંના ચામોલીમાં પ્રશાસન દ્વારા ભુસ્ખલનનું એલર્ટ જાહેર કરાયું હતું.

દિલ્હી, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતના ૧૫થી વધુ રાજ્યોમાં ભારેથી અતી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. નાગાલેન્ડમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ છે અહીંના દિમાપુર એરપોર્ટ પર ફ્લાઈટો રદ કરવી પડી હતી, જ્યારે વરસાદની ઘટનાઓમાં ત્રણ લોકોએ જીવ ગૂમાવ્યો હતો. હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટતા ભારે પૂર આવ્યું હતું જેમાં ૩૦ લોકો ગૂમ થઈ ગયા છે, તેમની શોધખોળ માટે એનડીઆરએફ, સૈન્ય, આઈટીબીપી, પોલીસ અને હોમગાર્ડના ૨૫૦થી વધુ જવાનોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

હિમાચલમાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. જ્યારે મધ્ય પ્રદેશમાં રાજ્યના અડધા જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે. ચાર જિલ્લાઓમાં શાળાઓને બંધ રાખવામાં આવી હતી.

---

## અમેરિકાએ ટેરિફ બૉંબ ઝિંકતા જાપાનના વડાપ્રધાન નારાજ

અમેરિકા અને જાપાન વચ્ચે ફાયદાકારક સમજૂતી થઈ શકે તે માટે અમે અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખીશું જોકે અમે અમારા રાષ્ટ્ર હિતોથી પીછેહઠ નહીં કરીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમેરિકા

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ટેરિફ બૉંબ ઝિંકવાની જાહેરાત કરી છે. તેમણે જાપાનથી લઈને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકાથી લઈને ૩૬ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જેના કારણે અનેક દેશો નારાજ થયા છે.

આ ક્રમમાં જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ અમેરિકાની ટેરિફ નીતિથી નારાજ થયા છે. તેમણે મંગળવારે (૮ જૂન) કહ્યું કે, 'ટ્રમ્પનો જાપાન પર ૨૫ ટકા ટેરિફ ઝિંકવાનો નિર્ણય ખૂબ જ નિરાશાજનક છે. સમસ્યાનો ઉકેલ લાવવા અને પરસ્પર લાભ માટે દ્વિપક્ષીય ચર્ચા-વિચારણા કરવાના પ્રયાસો ચાલુ રહેશે.' તેમણે ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, અમારો દેશ રાષ્ટ્ર હિત સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરે. જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા એ ટાસ્ક ફોર્સની બેઠકમાં કહ્યું કે, 'અમેરિકા અને જાપાન વચ્ચે ફાયદાકારક સમજૂતી થઈ શકે તે માટે અમે અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખીશું. જોકે અમે અમારા રાષ્ટ્ર હિતોથી પીછેહઠ નહીં કરીએ.' અમેરિકા સાથે વેપાર સમજૂતી ધીમી ગતિએ આગળ વધવા મામલે તેમણે કહ્યું કે, 'અમારે અમારા રાષ્ટ્ર હિત સાથે સમજૂતી ન કરવી પડે, જે જરૂરી છે અને તેની રક્ષા થઈ શકે તે માટે જાપાન સરકાર અમેરિકા સાથે વેપાર સમજૂતી મામલે ઉતાવળિયું પગલું ભરવા માંગતી નથી'. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ પહેલી ઓગસ્ટથી જાપાન, દક્ષિણ કોરિયા સહિત ૧૪ દેશો પર નવી ટેરિફ નીતિ લાગુ કરવાની જાહેરાત કરી છે. અમેરિકા જાપાનમાંથી કાર, કારના સ્પેરપાર્ટ્સ, ફાર્માસ્યૂટિકલ્સ અને મશીન ડિવાઈસની આયાત કરે છે. અમેરિકાએ જે ૧૪ દેશો પર નવો ટેરિફ બૉંબ ઝિંક્યો છે, તેમાં બાંગ્લાદેશ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, કંબોડિયા, ઈન્ડોનેશિયા, જાપાન, કઝાકિસ્તાન, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, સર્બિયા, ટ્યુનિશિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડનો સમાવેશ થાય છે. આ ટેરિફ પહેલી ઓગસ્ટથી લાગુ થશે. નવા ટેરિફ દર સ્ટીલ, એલ્યુમીનિયમ અને ઓટો પાર્ટ્સ પર પહેલાથી લાગુ કરાયેલા ટેરિફથી અલગ હશે. વોશિંગ્ટને ચેતવણી આપી છે કે, જો કોઈ દેશ ત્રીજા દેશો મારફતે માલ-સામાન મોકલીને ટેરિફથી બચવાનો પ્રયાસ કરશે, તો તેના પર પણ ઊંચા દર સાથે દંડ લગાવવામાં આવશે. અમેરિકાએ જાપાન અને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકા નવા ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. જ્યારે લાઓસ પર ૪૦ ટકા, દક્ષિણ આફ્રિકા પર ૩૦ ટકા, થાઈલેન્ડ અને કંબોડિયા પર ૩૬ ટકા, બાંગ્લાદેશ પર ૩૫ ટકા અને ઈન્ડોનેશિયા પર ૩૨ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એવી પણ ચેતવણી આપી હતી કે, જો આ દેશોએ કોઈ બદલો લીધો તો તેઓ આ દેશોમાંથી આવતા માલ પર આયાત ડ્યુટી પણ લાદશે.

---

એજન્ટો દ્વારા ધર્મપરિવર્તનનો ખેલ

## જમાલુદ્દીનની ધર્મ પરિવર્તન ગેંગનું ચોંકાવારું રેટ લિસ્ટ

### આ નેટવર્ક માટે વિદેશથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ફંડિંગ મળ્યાની વાતો સામે આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશના બલરામપુરમાં ગેરકાયદે ધર્માંતરણના મોટા નેટવર્કનો પર્દાફાશ થયા બાદ અત્યંત ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. ગેંગનો લીડર જમાલુદ્દીન ઉર્ફે છાંગુરબાબા અને સહયોગી નીતુ રોહરા ઉર્ફે નસરીનને યુપી એટીએસે દબોચી લીધા છે. જમાલુદ્દીન પર છોકરીઓને ફોસલાવીને જબરદસ્તીથી ધર્માંતરણ કરાવવાનો આરોપ છે. આ નેટવર્ક માટે વિદેશથી ૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ફંડિંગ મળ્યાની વાતો સામે આવી રહી છે. આ નેટવર્ક બલરામપુરના ઉટરૌલા કસ્બામાં લાંબા સમયથી ચાલતું હતું. પોલીસના જણાવ્યાં મુજબ આ ગેંગમાં હિન્દુ છોકરીઓના ધર્માંતરણની કાયદેસર રીતે એક ફી નક્કી હતી. મીડિયા રિપોર્ટ મુજબ બ્રાહ્મણ, ઠાકુર અને શીખ છોકરીનું ધર્મ પરિવર્તન કરાવવા પર ૧૫થી ૧૬ લાખ રૂપિયા મળતા હતા. પછાત જાતિની છોકરીઓનું ધર્મ પરિવર્તન કરાવવા માટે ૧૦ થી ૧૨ લાખ રૂપિયા અપાતા હતા. અન્ય જાતિઓ માટે ૮થી ૧૦ લાખ રૂપિયા મળતા હતા. એડીજીપી (લો એન્ડ ઓર્ડર) અમિતાભ યશે જણાવ્યું કે બલરામપુરના ઉટરૌલા કસ્બામાં એક વ્યક્તિ છાંગુર બાબા ઉર્ફે જમાલુદ્દીન બાબા પોતાને હાજી પીર જલાલુદ્દીનના નામથી પ્રચાર કરે છે. તે એક સંગઠિત ધર્માંતરણ નેટવર્ક ચલાવે છે. એવું જાણમાં આવ્યું કે આરોપી પોતાના એજન્ટો દ્વાર છોકરીઓને ફોસલાવીને ધર્માંતરણ માટે પ્રેરિત કરતો હતો. એ પણ સામે આવ્યું છે કે આ નેટવર્કને ૧૦૦ કરોડથી વધુનું વિદેશી ફંડિંગ મળ્યું છે. જેનો ઉપયોગ ધર્માંતરણના કામ માટે કરાતો હતો.

એડિજીપીના જણાવ્યાં મુજબ જમાલુદ્દીન બાબાએ અત્યાર સુધીમાં ૪૦થી ૫૦ વખત ઈસ્લામિક દેશોનો પ્રવાસ કર્યો છે. બલરામપુરમાં તેણે અનેક સંપત્તિઓ ખરીદી છે. તેના વિરુદ્ધ કેસ દાખલ કરાયો છે અને યુપી એટીએસ તપાસ કરી રહી છે. હાલ આ મામલે બે લોકોની ધરપકડ થઈ છે અને એસટીએફનું કહેવું છે કે આ નેટવર્કની પહોંચ સમગ્ર ભારતમાં છે. વિદેશી ફંડિંગ ખાસ કરીને ખાડી દેશોથી આવવાની વાત સામે આવી છે. જેની તપાસ થઈ રહી છે.

બલરામપુરના ગામ મધપુરથી (ઉટરૌલા પોલીસ મથક) છાંગુર બાબા નસરીન અને મહેબૂબ સહિત અનેક શંકાસ્પદો વિરુદ્ધ ફરિયાદો મળી હતી. આરોપ છે કે તેમણે એક વર્ષમાં જ વિદેશી ફંડિંગથી બંગલા, લક્ઝરી ગાડીઓ અને શોરૂમ ખરીદ્યા. છાંગુર બાબા ઉર્ફે જમાલુદ્દીન મુંબઈના રહીશ નવીન ઘનશ્યામ રોહરા, તેમની પત્ની નીતુ અને પુત્રી સમાલેનું બ્રેઈનવોશ કરીને તેમને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે પ્રેરિત કર્યા. ધર્મ બદલ્યા બાદ ત્રણે જણે પોતાના જમાલુદ્દીન, નસરીન અને સબીહા નામ અપનાવી લીધા.



## તંત્રી લેખ......

### બિહારમાં કાયદો વ્યવસ્થા જાળવવાનો પડકાર

બિહારમાં ફરી એક વખત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના પડકારનો મુદ્દો ચર્ચાની એરણ પર છે. દેશમાં વિકાસના એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે ત્યારે બિહારમાં ગુનાખોરીને નાથવાની અનિવાર્યતા સતત સામે આવતી રહી છે. છેલ્લા થોડા દિવસ દરમ્યાન રાજ્યમાં હત્યાના બે ચોંકાવનારા બનાવ બનતાં સ્વાભાવિક રીતે નીતીશકુમાર સરકારના સુશાસન અને અપરાધમુક્ત વહીવટની તાકાતની સામે ગંભીર સવાલ ખડા કર્યા છે. શુક્રવારે મોડી રાત્રે બિહારની રાજધાની પટણાનાં મધ્યમાં ભારે સલામત ગણાતા વિસ્તારમાં એક વેપારીની ગોળી મારીને હત્યા કરી નખાઈ હતી. હત્યારા આરામથી ફરાર પણ થઈ ગયા હતા. આવો જ એક બનાવ સીવાન જિલ્લાના મલમલિયા ચોકમાં બન્યો, જ્યાં ગુનેગારોએ ખુલ્લેઆમ પાંચ જણને તલવારથી કાપી નાખ્યા હતા. આ હુમલામાં ત્રણ જણનાં મોત નીપજ્યાં હતાં અને બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બન્ને બનાવોએ બધુ બરાબર હોવાના રાજ્ય સરકારના પ્રચારની પોલ ખોલી નાખી છે. ઉલ્લેખનીય છે કે, બિહારમાં જંગલરાજના અંતના સૂત્ર સાથે નીતીશકુમારની સરકાર બની હતી, પણ આવા બનાવોએ જંગલરાજના ખાતમાની કોઈ પ્રતીતિ થવા દીધી નથી. હાલત એવી છે કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ભારે ચિંતાજનક છે. નીતીશકુમારની સરકાર કોઈ ખુલાસો કરી શકે તેમ નથી. બિહારમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ રહી છે. મતદારયાદી સુધારાઈ રહી છે, પણ આવા રાજકીય જંગના આરંભે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સામે પડકાર ઊભા થાય તેવા બનાવો બને ત્યારે સ્વાભાવિક રીતે તેના રાજકીય ઉપયોગને નકારી શકાય તેમ નથી.

વિપક્ષોએ નીતીશ સરકાર સામે મોરચો ખોલીને આ મુદ્દાને વધુ ઉછાળવાનું શરૂ પણ કરી દીધું છે. આમ તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સરકાર સામે મોરચો ખોલાય તેમાં કોઈ વાંધો હોઈ શકે નહીં, પણ ચૂંટણીનો તખતો તૈયાર શરૂ થઈ રહ્યો છે તેવા સમયે સ્વાભાવિક રીતે આવા બનાવો વધતા તેના રાજકીય સૂચિતાર્થો પર પણ ધ્યાન અપાવું જોઈએ. આ બનાવોએ જો કે બતાવી આપ્યું છે કે, બિહારમાં ગુનેગારોની બોલબાલા યથાવત્ છે. આ બનાવોની પાછળ રાજકીય ઉદ્દેશ હોય તો પણ ગુનેગારોને નાથવામાં રાજ્ય સરકારની નિષ્ફળતાને કોઈપણ હિસાબે અવગણી શકાય નહીં. આવનારા દિવસોમાં આવા બનાવોમાં વધારો થાય તો તેની પાછળના રાજકીય કારસાની ભીતિ વધુ સ્પષ્ટ બની શકે છે, પણ હવે આવા બનાવ બને જ નહીં તે માટે રાજ્ય સરકારે તેના પોલીસ અને ગુપ્તચર તંત્રને વધુ સાબદા અને કડક બનાવવા પર ખાસ ધ્યાન આપવાની જરૂરત છે. રાજ્યમાં ફરી જંગલરાજ માથું ઊંચકે નહીં તે સરકાર અને સામાન્ય લોકો તમામના હિતમાં રહેશે. આવનારો સમય નીતીશકુમાર સરકાર માટે ભારે કસોટીનો બની રહેશે એ નક્કી છે.

## અંગત અદાવતમાં પરિવારના પાંચ સભ્યોને જીવતા સળગાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારના પૂર્ણિયામાં આવેલા ટેટગામા ગામમાં ૫ લોકોને જીવિત સળગાવી દેવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ હત્યાકાંડમાં હવે નવો ખુલાસો થયો છે. આ ખુલાસામાં જાણવા મળ્યુ છે કે, તાંત્રિકે ગ્રામવાસીઓને ભડકાવ્યા હતા. અને તે બાદ બેકાબૂ ભીડે બાબુલાલ અને તેના પરિવારના સભ્યોને જીવિત સળગાવી દીધા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ધરપકડ કરાયેલા તાંત્રિકે પૂછપરછમાં ખુલાસો કર્યો હતો.બિહારના પૂર્ણિયામાં આવેલી ટેટગામા ગામમાં પાંચ લોકોને સળગાવ્યા બાદની ઘટનાથી આસપાસ ભયનો માહોલ છે. નજીકના ૨૩ ગામમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટના મામલે કોઈ જુબાની આપવા તૈયાર નથી. પોલીસે સ્થાનિકોની પૂછપરછ શરુ કરી હતી. પરંતુ કોઈ સફળતા હાથ લાગી ન હતી. મૃતક બાબુલાલ ઉરાંવ તંત્ર મંત્રનું કામ કરતો હતો. બાબુલાલનો પાડોશી રામદેવ ઉરાંવનો ૮ વર્ષિય બાળક ખેતરમાં કામ કરવા ગયો હતો. બાળક સવારથી ભૂખ્યુ હતુ. અને જ્યારે તે ઘરે આવ્યો ત્યારે તે ઘરમાં ઢળી પડ્યો હતો. બિમાર બાળકને બાદમાં તાંત્રિક નકુલ ઉરાંવ પાસે લઈ જવાયો હતો. અને તેના પર તંત્ર ક્રિયા કરવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન તેનું મૃત્યુ થયુ હતુ. બસ આ ઘટનાનો ફાયદો ઉઠાવીને તાંત્રિક નકુલ ઉરાંવે બાળકની મોત બાદ તેના પિતા રાજારામને ભડકાવ્યા હતા. અને કહ્યુ હતુ કે, આ બધી ક્રિયા પાછળ તાંત્રિક બાબૂલાલનો હાથ છે. તેની તાંત્રિક વિધિના કારણે આ બધી પરિસ્થિતિ ઉભી થઈ છે. બાસ બાદમાં તેણે સ્થાનિકોને ભડકાવવાનું કામ શરુ કર્યુ હતુ. અને બાબુલાલના પરિવારને જીવિત સળગાવ્યો હતો. રાજારામના ઘરમાં વધુ બે બાળકો બિમાર થયા હતા. જે બાદ આ મામલો વકર્યો હતો. આ બાળકોને શરદી-ખાંસી અને તાવ હતો. જેના કારણે તેમની તબિયત ખરાબ થઈ હતી. પરંતુ આના માટે પણ તાંત્રિક વિદ્યા જવાબદાર હોવાનું લોકોએ જણાવ્યુ હતુ. ગ્રામજનોએ બાબુલાલના પરિવાર પર હુમલો કર્યો હતો. અને તેમની સાથે મારામારી શરુ કરી હતી.

ઘરના ૫ સભ્યો પર પેટ્રોલ છાંટીને તેમની જીવિત સળગાવવામાં આવ્યા હતા. આ તમામ મૃતદેહોને ૨ કિમી દૂર દરગાહ ઘેસરિયા બહિયારમાં માટી નાંખીને દાટવામાં આવ્યા હતા. પોલીસને આ મામલે જાણ થતા તેઓએ આરોપી નકુલ ઉરાંવે ઘટનાસ્થળની માહિતી આપી હતી. પોલીસે તપાસ કરતા તમામ ૫ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ ખસેડ્યા હતા. અને બાદમાં તેઓના અંતિમ સંસ્કાર પણ કર્યા હતા.

## રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના પિતાનું નિધન, જોધપુર એમ્સમાં લીધા અંતિમ શ્વાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના પિતા દાઉ લાલ વૈષ્ણવનું મંગળવારે (૮ જુલાઈ)ના રોજ નિધન થયું છે. તેઓ ઘણા સમયથી ગંભીર બિમાર હતા, જેના કારણે જોધપુર સ્થિત એમ્સમાં તેમની સારવાર ચાલી રહી હતી. હોસ્પિટલ તંત્રએ સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, 'અમે અત્યંત દુઃખ સાથે કહી રહ્યા છે કે, જોધપુરની એમ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દાઉ લાલ વૈષ્ણનું ૮૧ વર્ષની વયે આજે ૮ જુલાઈ-૨૦૨૫ના રોજ ૧૧.૫૨ કલાકે નિધન થયું છે.'હોસ્પિટલે વધુમાં કહ્યું કે, 'દાઉ લાલ વૈષ્ણવ છેલ્લા ઘણા દિવસોથી ગંભીર બિમાર હતા અને જોધપુરની એમ્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. તબીબી ટીમે તમામ સંભવ પ્રયાસો કર્યા છતાં, તેમને બચાવી શકાયા નથી. જોધપુર એમ્સ પરિવાર દિવંગત આત્માની શાંતિ હેતુ પ્રાર્થના કરે છે તેમજ શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે' હજુ સુધી પરિવાર તરફથી અંતિમ સંસ્કારની માહિતી અપાઈ નથી. અશ્વિની વૈષ્ણ હોસ્પિટલમાં પિતાની દેખરેખ માટે જોધપુર પહ્ચા હતા અને એમ્સ હોસ્પિટલ ગયા હતા.

''સિંગલ ટેક્સ, ડબલ ગ્રોથ: GST બન્યો ગુજરાતના વિકાસનો ઓથ''

# ગુજરાતમાં GST લાગુ થયા બાદ કરદાતાની સંખ્યામાં ૧૪૫ ટકાનો વધારો; છેલ્લા ૮ વર્ષમાં કરદાતાઓની સંખ્યા વધીને ૧૨.૬૬ લાખને પાર પહોંચી

### કી પર્ફોર્મન્સ ઈન્ડિકેટર્સ (KPI)માં ગુજરાત ૭૧.૬૯ પોઈન્ટ્સ સાથે દેશમાં દ્વિતીય; KPIના ૨૨ કામગીરી માપદંડોમાંથી ૦૯ પરિમાણોમાં ગુજરાત દેશમાં પ્રથમ

એક સમય હતો જ્યારે ગુજરાતમાં વેટ (VAT), CST, ઓક્ટ્રોય, એન્ટ્રી ટેક્સ, સર્વિસ ટેક્સ અને કેન્દ્રીય આબકારી જકાત જેવા ઘણા બધા કર (ટેક્સ) અમલમાં હતા. આ સિસ્ટમ ખૂબ જ જટીલ હતી, જેનાથી વેપારીઓને ટેક્સ ભરવામાં અનેક મુશ્કેલીઓ ઉદ્ભવતી હતી. ખાસ કરીને, વિવિધ રાજ્યોના અલગ-અલગ ટેક્સ રેટ અને નિયમો ઉપરાંત 'ટેક્સ પર ટેક્સ' (કેસ્કેડિંગ ઈફેક્ટ)ને કારણે વસ્તુઓ મોંઘી બનતી હતી અને વેપારમાં અવરોધો આવતા હતા. ગુજરાત જેવા નિકાસલક્ષી અને વેપાર-આધારિત રાજ્ય માટે આ પડકાર વધુ વિકટ હતો. આ પડકારનો સામનો કરવા અને દેશની અર્થવ્યવસ્થાને નવી દિશા આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિપૂર્ણ નિર્ણયથી તા. ૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ ભારતમાં ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી ભારતમાં વસ્તુની ખરીદી કે સેવા મેળવવા પર માત્ર એક જ – GST કર લાગુ કરવામાં આવ્યો, જ્યારે અન્ય કરને નાબૂદ કરવામાં આવ્યા હતા. "એક રાષ્ટ્ર, એક કર"ના સિદ્ધાંત સાથે GSTએ કર પ્રણાલીને સરળ બનાવી, કરચોરી ઘટાડી અને વ્યાપાર કરવામાં સરળતા લાવવાનો માર્ગ મોકળો કર્યો છે. GST લાગુ થતા વેપારીઓ અને ગ્રાહકો માટે કરની ગણતરી અને તેને ભરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ બની છે. આ ઐતિહાસિક કર સુધારણાના કારણે છેલ્લા ૮ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર રીતે વધ્યું છે. GSTએ ગુજરાતને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને ગતિશીલ અર્થતંત્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

**કરદાતાઓમાં ઉત્તરોત્તર વધારો**

GST લાગુ થયા બાદ ગુજરાતમાં પ્રતિવર્ષ નવા કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૮ વર્ષ પહેલા GST લાગુ થયો ત્યારે રાજ્યમાં ૫.૧૫ લાખથી વધુ કરદાતાઓ હતા, જેની સામે આજે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૪૫ ટકાના વધારા સાથે રાજ્યમાં કરદાતાઓની સંખ્યા ૧૨.૪૬ લાખને પણ પાર કરી ચૂકી છે, જે બમણાથી પણ વધુ છે. નોંધાયેલા કરદાતાઓની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત આજે દેશમાં ત્રીજા સ્થાને છે, જે તેની વધતી જતી આર્થિક પ્રવૃત્તિ અને કર શિસ્તનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતનો કરદાતા વૃદ્ધિ દર ૬.૩૮ ટકા નોંધાયો છે, જે રાષ્ટ્રીય વૃદ્ધિ દર ૩.૮૬ ટકા અને અન્ય રાજ્યોની સરખામણીએ ઘણો વધારે છે.

**GSTથી મબલખ આવક**

કરદાતાઓની સંખ્યામાં વૃદ્ધિની સાથે સાથે, ગુજરાતના રાજકોષમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ ગુજરાતમાંથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૩૬,૭૪૮ કરોડની GST આવક થઈ છે, જે ગત વર્ષની સરખામણીએ રૂ. ૧૧,૫૭૯ કરોડ વધુ છે. રાજ્યોમાંથી થયેલી GST આવકની દ્રષ્ટિએ ગુજરાત દેશમાં ત્રીજા સ્થાને છે અને ડોમેસ્ટિક GSTમાં પણ ગુજરાતનો ફાળો ૮.૨ ટકા નોંધાયો છે.

**ગુજરાતના રાજકોષમાં વધારો**

આટલું જ નહિ, રાજ્યને મળતી SGST અને IGSTની આવકમાં પણ ગુજરાતે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં SGST અને IGSTના માધ્યમથી રાજ્યને કુલ રૂ. ૭૩,૨૦૦ કરોડની મહેસૂલી આવક થઈ છે, જે ગત વર્ષ કરતા રૂ. ૮,૭૫૨ કરોડ વધુ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં SGST અને IGSTની આવકમાં રાષ્ટ્રીય વૃદ્ધિ દર ૧૦.૩૧ ટકાની સરખામણીએ ગુજરાતે ૧૩.૬ ટકાનો વૃદ્ધિ દર નોંધાવ્યો છે. આ વધારાની આવક ગુજરાતમાં શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓના વિકાસ કાર્યોને વધુ વેગ આપશે.

ઈ-વે બિલમાં પણ ગુજરાત મોખરે

આ ઉપરાંત માલ-સામાનની અવર-જવરના ડિજિટલ ટ્રેકિંગ માટે બનાવવામાં આવતા ઈ-વે બિલમાં પણ ગુજરાત દેશમાં મોખરે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતના સપ્લાયરો દ્વારા કુલ ૧૩.૯૮ કરોડ ઈ-વે બિલ બનાવવામાં આવ્યા હતા. આ રીતે, ઈ-વે બિલ બનાવનાર સપ્લાયરોની સંખ્યાના આધારે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. તદુપરાંત, ગુજરાત ઈ-વે બિલના મૂલ્યની દ્રષ્ટિએ દેશમાં દ્વિતીય સ્થાને તેમજ કુલ ઈ-વે બિલની સંખ્યામાં દેશમાં ત્રીજા સ્થાને પહોંચ્યું છે.

**રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શનના ઊંચા શિખરો**

ગુજરાત માત્ર કરદાતાઓની સંખ્યામાં જ નહીં, પરંતુ GSTના અન્ય પ્રદર્શન પરિમાણોમાં પણ અવ્વલ રહ્યું છે. મુખ્ય કામગીરી સૂચકાંકો એટલે કે, કી પર્ફોર્મન્સ ઈન્ડિકેટર્સ (KPI)માં ગુજરાતે ૭૧.૬૯ પોઈન્ટ્સ સાથે દેશમાં દ્વિતીય ક્રમ હાંસલ કર્યો છે, જ્યારે ૭૩.૯૩ પોઈન્ટ્સ સાથે મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે. KPIના કુલ ૨૨ કામગીરી માપદંડોમાંથી ૦૯ પરિમાણોમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત સમયસર GSTR-3B અને GSTR-1 રિટર્ન ભરવામાં પણ ગુજરાત દેશમાં પ્રથમ છે. નિર્ધારિત સમયમર્યાદામાં GSTR-3B રિટર્ન ફાઈલિંગમાં ૮૮.૯ ટકા અને GSTR-1 રિટર્ન ફાઈલિંગમાં ૮૫.૫ ટકાની સિદ્ધિ સાથે ગુજરાતે કરવેરા પ્રણાલીમાં તેની શિસ્તબદ્ધતાનો પુરાવો આપ્યો છે.

GSTએ ગુજરાતને એક વધુ પારદર્શક, કાર્યક્ષમ અને ગતિશીલ અર્થતંત્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગુજરાતની આ પ્રગતિ માત્ર આંકડાઓ જ નહિ, પરંતુ લાખો વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને સામાન્ય જનજીવનમાં આવેલી સરળતા અને સમૃદ્ધિનું પ્રતિક છે. GSTના માધ્યમથી ગુજરાતે ખરા અર્થમાં વિકાસનો નવો અધ્યાય રચ્યો છે.

- નિતિન રથવી

શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં પરંતુ જવાબદારી છે: શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર

# રાજ્યમાં નવનિયુક્ત શિક્ષણ સહાયકો થકી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બનશે વધુ ઉજ્જ્વળ

### શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના હસ્તે ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરાયા







નવનિયુક્ત શિક્ષણ સહાયકોને અભિનંદન આપતા પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, આજે હું શિક્ષણ મંત્રી તરીકે રાજ્યની સેવા કરી રહ્યો છું તે મારા પ્રાથમિકથી લઈને માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને હાયર એજ્યુકેશન સુધીના ગુરૂજનોને આભારી છે. વિદ્યાર્થીઓમાં જે સ્કિલ રહેલી હોય છે, તેને ઓળખવાનું અને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવાનું કાર્ય આપણા શિક્ષકો કરતા હોય છે. આમ, શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં પરંતુ જવાબદારીનું કાર્ય છે.

રાજ્ય સરકાર દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા - ૨૦૨૫ અન્વયે ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં કુલ ૩,૨૪૩ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ગાંધીનગરના ઈસનપુર મોટા ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે આજે ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, સમગ્ર રાજ્યમાં ૧,૫૧૫ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો અને ૩,૨૪૩ બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો એમ કુલ ૪,૭૫૮ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યાં છે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા અનેક અભિયાનો થકી ગુજરાતને વધુ સુશિક્ષિત કરવાનું ઉમદા કાર્ય કર્યું છે, જેને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગ થકી ઓનલાઈન અને પારદર્શક ભરતી દ્વારા દરેક ઉમેદવારને સમાન ન્યાય મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં શિક્ષકોને સહભાગી બનવા આહ્વાન કરતાં શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરવામાં શિક્ષકોનો મહત્વનો ફાળો હોય છે. જેથી શિક્ષકો વિદ્યાર્થીઓના ઘડતર થકી જન કલ્યાણ, લોક કલ્યાણ અને પરોપકાર દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી શકે છે. નવી શિક્ષણ નીતિ વિશે જણાવતા મંત્રીશ્રીએ કહ્યું કે, આજના આધુનિક સમયમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીયુક્ત શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આપણી શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ સહિત અનેક સુવિધાઓ આપવામાં આવી રહી છે. વધુમાં, મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોરે તેમની ગ્રાન્ટમાંથી શાળા પરિવારને રૂ. ૫ લાખની સહાય આપવાની જાહેરાત કરીને સમગ્ર રાજ્યમાં પારદર્શી રીતે ભરતી પ્રક્રિયા કરવા બદલ શિક્ષણ મંત્રી સહિત શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, નિષ્પક્ષ રીતે નિમણૂક પામેલા શિક્ષકોએ ઈમાનદારીથી વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કાર્ય કરતાં રહેવું પડશે. જેથી આવનારી પેઢી સદ્ધર બનશે અને પોતાના પરિવાર સહિત સમગ્ર સમાજનો વિકાસ થશે. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી મેહુલ કે દવેએ પ્રાસંગિક ઉદ્બોધન તેમજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભગવાનભાઈ પ્રજાપતિએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ અવસરે બાયડના ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા, APMCના ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ, શાળા સંચાલક મંડળના અધ્યક્ષ શ્રી શંકરસિંહ રાણા, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારી સહિત નવનિયુક્ત શિક્ષણ સહાયક અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

- જીગર બારોટ

ઈરાની સરકારે નુકસાન સ્વીકાર્યું, સેના હજુ મૌન

# ૧૨ દિવસના ભીષણ યુદ્ધમાં ૧૦૬૦ લોકોના ગયા જીવ

### ઓહાદીએ ચેતવણી આપી હતી કે, અમુક લોકો ગંભીર રૂપે ઘાયલ છે જેથી મૃતકોનો આંકડો વધવાની ભીતિ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈરાન

ઈરાનની સરકારે ઈઝરાયલ સાથે ૧૨ દિવસ ચાલેલા ભીષણ યુદ્ધમાં થયેલા નુકસાનનો આંકડો જાહેર કર્યો છે. આ યુદ્ધમાં ઓછામાં ઓછા ૧૦૬૦ લોકો માર્યા ગયા છે. જો કે, આ આંકડો વધવાની શક્યતા છે. ઈરાનના ફાઉન્ડેશન ઓફ માર્ટર એન્ડ વેટરન્સ અફેર્સના પ્રમુખ સઈદ ઓહાદીએ સોમવારે મોડી રાત્રે ઈરાનની સરકારી ટીવી પર પ્રસારિત ઈન્ટરવ્યૂમાં મૃતકોની સંખ્યા વિશે માહિતી આપી હતી. ઓહાદીએ ચેતવણી આપી હતી કે, અમુક લોકો ગંભીર રૂપે ઘાયલ છે. જેથી મૃતકોનો આંકડો વધવાની ભીતિ છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ૧૨ દિવસ ભીષણ યુદ્ધ ચાલ્યું હતું. જેમાં બંને દેશોએ એકબીજા પર ડ્રોન અને મિસાઈલ્સ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ઈરાનની એર ડિફેન્સ પ્રણાલી નષ્ટ કરવામાં આવી હતી. યુદ્ધવિરામ લાગૂ થયા બાદ ઈરાન ધીમે-ધીમે વિનાશની વ્યાપકતા સ્વીકારી રહ્યું છે. ઈરાને અત્યારસુધી આ યુદ્ધમાં તેની સેનાને કેટલું નુકસાન થયુ છે. તે જણાવ્યું નથી. વોશિંગ્ટન સ્થિત માનવાધિકાર કાર્યકર્તાના જૂથે જણાવ્યું હતું કે, ૪૩૬ નાગરિક અને સુરક્ષાદળોના ૪૩૫ જવાનો સહિત કુલ ૧૧૯૦ લોકો માર્યા ગયા છે. હુમલામાં ૪૪૭૫ લોકો ઘાયલ છે. ગતમહિને ૧૩ જૂનના રોજ ઈઝરાયલે ઈરાન પર મોટો હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે ભીષણ યુદ્ધ છેડાયુ હતું. આ યુદ્ધમાં ઈરાનના પરમાણુ ઠેકાણાં, બેલેસ્ટિક મિસાઈલ યુનિટ, ટોચના જનરલના નિવાસો, અને બે ડઝનથી વધુ પરમાણુ વૈજ્ઞાનિકોને ટાર્ગેટ બનાવ્યા હતાં. અમેરિકાએ પણ આ યુદ્ધમાં ઝંપલાવ્યું હતું. ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર હુમલો કર્યો હતો. તેણે ૩૦૦૦૦ પાઉન્ડના બંકર બસ્ટર બોમ્બ વડે હુમલો કર્યો હતો. ૧૨ દિવસના સંઘર્ષ બાદ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સીઝફાયર કરવામાં આવ્યું હતું.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ભારત સરકારે પીએમ કિસાન યોજનાનો આગામી હપ્તો મેળવવા ખેડૂત આઈડી (ફાર્મર રજીસ્ટ્રી) ફરજિયાત કરી

# ટૂંક જ સમયમાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ થશે

### બાકી રહેલા ખેડૂતોએ યોજનાનો લાભ મેળવવા સત્વરે ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવા ખેતી નિયામક કચેરીનો અનુરોધ


પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના આગામી એટલે કે, ૨૦માં હપ્તાનો લાભ મેળવવા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈડી (ફાર્મર રજીસ્ટ્રી)ની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. ૨૦મો હપ્તો રિલીઝ થાય ત્યારે નોંધણી કરાવવાની બાકી હશે, તેવા ખેડૂતો પીએમ કિસાન યોજનાના લાભથી વંચિત રહેશે.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો આગામી ૨૦મો હપ્તો ટૂંક સમયમાં રીલીઝ થનાર હોઈ સત્વરે નોંધણી કરાવવી આવશ્યક છે. એટલા માટે જ, બાકી રહી ગયેલા ખેડૂતો સત્વરે ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી શકે તે માટે અત્યારે ગ્રામ્ય કક્ષાએ ઝુંબેશ સ્વરુપે નોંધણી કરવામાં આવી રહી છે.

રાજ્યના જે ખેડૂતોએ હજુ સુધી ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતોએ સત્વરે ખેડૂત આઈડીની નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેડૂત લાભાર્થીઓએ સત્વરે નોંધણી કરાવવા માટે ગામના તલાટી કમ મંત્રીશ્રી અથવા ગ્રામસેવકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

આ ઉપરાંત ખેડૂતો જાતે ઘરેથી મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પણ નોંધણી કરી શકે છે. એટલું જ નહીં, કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર મારફતે પણ ખેડૂત નોંધણી કરાવી શકે છે.

- નિતિન રથવી




RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૪૧૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧૯૧નો ઘટાડોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૯ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૧૦૩.૬૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૭૫૩૩.૪૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૮૫૩.૧૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૬૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૪૬૩૮.૦૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૧૦૩.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૭૫૩૩.૪૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૬૦૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૬૧૬.૩૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૮૫૩.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૧૭૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૨૪૬ અને નીચામાં રૂ.૯૬૮૩૨ના મથાળે અથડાઈ, રૂ.૯૭૨૭૦ના આગલા બંધ સામે રૂ.૪૧૮ ઘટી રૂ.૯૬૮૫૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૦૬ ઘટી રૂ.૭૮૦૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૩ ઘટી રૂ.૯૭૯૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૬ ઘટી રૂ.૯૬૮૨૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૨૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૪૩૦ અને નીચામાં રૂ.૯૭૦૭૧ના મથાળે અથડાઈ, રૂ.૯૭૩૯૩ના આગલા બંધ સામે રૂ.૩૦૦ ઘટી રૂ.૯૭૦૯૩ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૮૪૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮૫૯૭ અને નીચામાં રૂ.૧૦૮૧૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૮૩૨૧ના આગલા બંધ સામે રૂ.૧૯૧ ઘટી રૂ.૧૦૮૧૩૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૬૧ ઘટી રૂ.૧૦૮૦૧૪ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૪૭ ઘટી રૂ.૧૦૮૦૧૦ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૦૪૬.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જુલાઈ વાયદો રૂ.૨.૬ વધી રૂ.૮૯૧.૯ થયો હતો. જસત જુલાઈ વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૫૫.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૯૫ પૈસા વધી રૂ.૨૪૮.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જુલાઈ વાયદો ૫ પૈસા ઘટી રૂ.૧૮૦.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૦૧૧.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જુલાઈ વાયદો બેરલદીઠ રૂ.૫૮૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૧૭ અને નીચામાં રૂ.૫૭૭૬ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૯૬ના આગલા બંધ સામે રૂ.૧૯ ઘટી રૂ.૫૭૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૮ ઘટી રૂ.૫૭૭૯ થયો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૨૯૪ થયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૨૯૪.૩ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૧૨.૧ના ભાવે ખૂલી, રૂ.૨.૨ વધી રૂ.૯૧૪ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૩૨૫.૨૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૨૭.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૭૦૪.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૭૪.૦૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૮.૩૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૯.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૩૧.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૬૭૯.૯૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧.૭૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૩૭૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૬૬૩૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૬૫૦૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૧૮૨૬૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૯૩૫૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૨૦૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૨૧૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૩૧૨૦ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૫૯૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૪૮૦ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૬૪૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૬૭૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૬૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૩ પોઈન્ટ ઘટી ૨૨૬૦૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧ ઘટી રૂ.૧૨૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા ઘટી રૂ.૧૬.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૧.૫ ઘટી રૂ.૧૧૫૯ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૯.૫ ઘટી રૂ.૨૪૮૪ થયો હતો. તાંબું જુલાઈ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા વધી રૂ.૮.૨૯ના ભાવે બોલાયો હતો. જસત જુલાઈ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૩ પૈસા વધી રૂ.૨.૦૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬.૨ વધી રૂ.૧૪૭.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૧૨.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૫ વધી રૂ.૧૩૪૭ થયો હતો.

આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૮ વધી રૂ.૨૩૯૦ના ભાવે બોલાયો હતો. તાંબું જુલાઈ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૮ પૈસા ઘટી રૂ.૧૧.૨૯ના ભાવે બોલાયો હતો. જસત જુલાઈ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૧ પૈસા ઘટી રૂ.૧.૫ના ભાવે બોલાયો હતો.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ગુજરાત ભારતના ક્રૂઝ પર્યટન ક્ષેત્રે અગ્રેસર બનવા તૈયાર

# ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પહેલું રાજ્યઃ ગુજરાત મેરીટાઈમ બોર્ડે ગુજરાત માટે ક્રૂઝ શિપિંગ પોલિસી બનાવવા કર્યું વર્કશોપનું આયોજન

### ગુજરાત ૨,૩૪૦ કિમી દરિયાકાંઠાનો મહત્તમ લાભ ઉઠાવીને ક્રૂઝ ટુરિઝમને પ્રોત્સાહન આપવાની સાથે નવી આર્થિક તકોનું સર્જન કરવા પ્રતિબદ્ધ

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીના દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. ક્રૂઝ ભારત મિશન માટે ક્રૂઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઈમ બોર્ડે (GMB) ૬ મેએ એક-દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં વિવિધ હિતધારકોએ હાજરી આપી હતી.

GMB દ્વારા આયોજિત આ વર્કશોપમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ નોટિકલ ઑફિસર (HQ) કૅપ્ટન બંશીવા લાડવા, પ્સ્મ્ના વાઈસ ચૅરમૅન અને સીઈઓ શ્રી રાજકુમાર બેનીવાલ (IAS)એ મહત્વનું સંબોધન કર્યું હતું. તેમણે રાજ્યની વધી રહેલી દરિયાઈ ક્ષમતાઓ તેમજ ઊભરતા ક્રૂઝ ટુરિઝમ ક્ષેત્રની આર્થિક તકો પર ભાર મૂક્યો હતો.

ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસનો પાયો નાખવા માટેની નીતિ પર થઈ ચર્ચા

વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઈમ અને ટુરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં "નીતિ અને માળખાગત સુવિધા- ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો" એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર શ્રી રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી. મુંબઈ પોર્ટ ઑથોરિટીના અધ્યક્ષ શ્રી સુશીલ કુમાર સિંહે બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. FRRO, કોચીનના શ્રી કૃષ્ણરાજ આર. એ ઈમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઈન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના CEO શ્રી ગૌતમ ડેએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો.

ગુજરાતનો રોડમૅપ રજૂ કરતાં શ્રી રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટુરિઝમના મૅનેજિંગ ડિરેક્ટર સુશ્રી સાઈદિંગપુઈ છાકછુઆક (IAS)એ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. શ્રી કૃષ્ણરાજ આર. (IPS)એ કાર્યક્ષમ ઈમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેક્નોલૉજીના ઉપયોગની ભલામણ કરી હતી.

ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા અને વિઝન

બંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.

ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પૅનલ સત્રમાં પૅનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું.

કોસ્ટલ ટુરિઝમને વેગ આપવા માટે પ્રસ્તાવિત ક્રૂઝ સર્કિટ

ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે.

પ્રસ્તાવિત રૂટને ત્રણ ક્લસ્ટરમાં વિભાજિત કરવામાં આવ્યા છેઃ

- ★ પડાલા ટાપુ- કચ્છનું રણ
- ★ પોરબંદર-વેરાવળ-દીવ
- ★ દ્વારકા-ઓખા-જામનગર

દરેક ક્લસ્ટર પ્રવાસનને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવ્યું છે. ખાસ તો, એ ક્લસ્ટરના ૧૦૦ કિમીની અંદર મુખ્ય ધાર્મિક, નૈસર્ગિક અને સાંસ્કૃતિક સ્થળોનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે, જેથી ક્રૂઝ મુસાફરોને વધુ આકર્ષણ અને મનોરંજનના વિકલ્પો મળી રહે.

ગુજરાતમાં બનશે સમર્પિત ક્રૂઝ ટર્મિનલ, રાષ્ટ્રીય મિશનમાં આપશે યોગદાન

ઉલ્લેખનીય છે કે, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા ક્રૂઝ ભારત મિશનની શરૂઆત કરવામાં આવી હતી. આ મિશનનો ઉદ્દેશ આગામી દાયકામાં ભારતને વિશ્વ સ્તરનું ક્રૂઝ પર્યટન કેન્દ્ર બનાવવાનો છે અને ૨૦૨૯ સુધીમાં દરિયાઈ ક્રૂઝ પ્રવાસનને દસ ગણું વધારવાનો છે. દેશમાં મુંબઈ, કોચીન, ચેન્નઈ, અને મોર્મુગાઓ જેવા મુખ્ય બંદરોએ ક્રૂઝ ટર્મિનલ વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે ત્યારે ગુજરાત પણ ભવિષ્યમાં એક સમર્પિત ક્રૂઝ ટર્મિનલ બનાવીને રાષ્ટ્રીય મિશનમાં નોંધપાત્ર ફાળો આપશે.

તાજેતરમાં આયોજિત વર્કશોપ આ દિશામાં મહત્વનું પગલું છે. આ વર્કશોપના માધ્યમથી ગુજરાત માટે એક વ્યાપક, કાર્યક્ષમ ક્રૂઝ ટુરિઝમ નીતિ ઘડાય તેવી અપેક્ષા છે. સ્પષ્ટ વિઝન, સરકારના સમર્થન અને વ્યૂહાત્મક માળખાગત યોજનાઓ સાથે ગુજરાત ભારતના ક્રૂઝ પર્યટન ક્ષેત્રે અગ્રેસર બનવા તૈયાર છે.

# રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ખાસ સમીક્ષા બેઠક યોજી

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી સુશ્રી નિપૂણા તોરવણે, તમામ પોલીસ કમિશનરશ્રી તેમજ તમામ રેન્જના વડાશ્રીઓ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ડ્રગ્સ સામે ચાલી રહેલી ઝુંબેશ અનુસંધાને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરવામાં આવતા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવી સ્થાનિક પોલીસ પણ એનડીપીએસના કેસ કરવા અંગે સૂચના આપી હતી. તે ઉપરાંત માત્ર ૧૫ દિવસમાં ડ્રગ્સ માફીયાઓ સામે PIT NDPSના મહત્તમ ૧૭ કેસ કરવા બદલ મંત્રીશ્રીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવ્યા હતા અને હજુ મહત્તમ કેસ કરવા સૂચના આપી હતી.

ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ થયેલી કાર્યવાહી માટે પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજ્યમાં GujCTOC હેઠળ કરવામાં આવેલી સઘન કાર્યવાહીની પણ મંત્રીશ્રીએ સરાહના કરી હતી. GujCTOC હેઠળ પાંચ મહિનામાં મહત્તમ ૮ કેસ કરી ૭૭ આરોપીઓ સામે કેસ કરવા આવ્યા છે.

રાજ્યમાં અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. અસામાજિક તત્વો વિરુદ્ધ થયેલી ઐતિહાસિક કામગીરી બદલ અભિનંદન પાઠવી આવા તત્વો સામે હજુ કડકમાં કડક કાર્યવાહી કરવાની દિશામાં ચોક્કસ રણનીતિ ઘડવા સૂચના આપી હતી. તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન અસામાજિક તત્વો સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૫૮૨ ગેરકાયદેસર દબાણ દૂર કરાયાં, ગેરકાયદેસર વીજ જોડાણ અંતર્ગત ૧૮૬૧ સામે કાર્યવાહી, ૬૮૯ રીઢા ગુનેગારો સામે જામીન રદ કરવા અંગેની કાર્યવાહી તેમજ અસામાજિક તત્વોના બેંક એકાઉન્ટ તપાસી ગેરકાયદેસર નાણાંકીય વ્યવહારો કરનાર ૩૯૦ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી આ કાર્યવાહી ગુજરાત પોલીસ દ્વારા ખૂબ સારી રીતે કરવામાં આવી છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યવાહી હજુ કડક બનાવવા મંત્રીશ્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી.રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ ખૂબ કડક કામગીરી કરવામાં આવી રહી છે.

### મીઠા ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે સોલ્ટ એમ્પાવર્ડ કમિટીની બેઠક યોજાઈ

# અગરિયાઓના ઉત્કર્ષ તથા હિત માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધઃ મીઠા ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા

### સોલારપંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજના હેઠળ અત્યાર સુધીમાં ૪૯૦૦ થી વધુ અગરિયા પરિવારોને રૂ.૧૧૯ કરોડથી વધુની સહાય ચૂકવાઈ



મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓના કલ્યાણ માટેની યોજનાઓના ઘડતર અને અમલીકરણને ઝડપી મંજુરી આપવા માટે રાજ્યમાં ઉચ્ચ સ્તરીય એમ્પાવર્ડ કમિટીની રચના કરવામાં આવી છે. મીઠા ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે આ સોલ્ટ એમ્પાવર્ડ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અંગે સમીક્ષા તથા નવી યોજનાઓના ઘડતર અંગે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ આ બેઠકમાં મીઠાનું ઉત્પાદન કરતા ઉદ્યોગો,અગરિયાઓ સાથે સંકળાયેલ વિવિધ એસોસિએશન અને હિતધારકોની રજૂઆતો સાંભળી વિગતવાર ચર્ચા કરી હતી. આવનારા સમયમાં સકારાત્મક આયોજન હાથ ધરી, અગરિયાઓના ઉત્થાન માટેની સહાય યોજનાઓ દ્વારા અગરિયાઓને સશક્ત બનાવવા અંગેની કામગીરી વધુ વેગવાન બનાવવામાં આવશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું. ગુજરાત સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. જેનો લાભ રાજ્યમાં મીઠું પકવતાં અગરિયાઓને મળી રહ્યો છે. અગરમાં કામ કરવામાં પણ અનેક મુશ્કેલીઓ પડતી હતી. પરંતુ મીઠું પકવતા અગરિયાઓની મુશ્કેલીઓ દુર કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ઉપરાંત રાજ્યના અગરિયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલારપંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજના કાર્યરત છે. જે હેઠળ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૪૯૦૦ થી વધુ અગરિયા પરિવારોને રૂ.૧૧૯ કરોડથી વધુની સહાય આપવામા આવી છે. એક અગરિયા લાભાર્થી કુટુંબ દ્વારા એક સોલારપંપ સીસ્ટમથી ડિઝલના ખર્ચમાં વાર્ષિક આશરે રૂ.૧.૫ થી ૨ લાખ જેટલી બચત થાય છે

અગરિયાઓની મુશ્કેલીઓને દુર કરવામાં શિક્ષણ, આરોગ્ય તથા માર્ગ અને મકાન જેવા વિવિધ ક્ષેત્રોમાં અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે સ્કૂલ ઓન વ્હીલ યોજના હેઠળ ૩૮ મોબાઈલ બસ શાળાઓ-સ્કૂલ ઓન વ્હીલ શરૂ કરવામાં આવી છે. ગુજરાતના વિવિધ અંતરીયાળ ગામના અગરિયા વિસ્તારની શાળાઓ માટે જરૂરી શૈક્ષણિક સાધનો પુરા પાડવામાં આવી રહ્યાં છે. એમ્પાવર્ડ કમિટીની અધ્યક્ષતામાં આરોગ્ય ક્ષેત્રે ૨૦ અગરિયા ધનવંતરી આરોગ્ય રથના વાહનો જિલ્લાઓને અગરિયા વિસ્તારમાં કામગીરી અર્થે ફાળવવામાં આવ્યા છે. છેલ્લા બે વર્ષમાં અગરિયા વિસ્તારમાં ૨,૯૫,૦૦૦ થી વધારે ઓ.પી.ડી., ૧૭૦૦ થી વધુ પ્રસુતિ સારવાર અને ૭૫,૦૦૦ થી વધુ લેબોરેટરી તપાસ મળી આશરે ૩,૭૧,૦૦૦ થી વધારે લાભાર્થીઓને આરોગ્ય વિષયક સેવા આપવામાં આવી છે.

અગરિયા હિતરક્ષક મંચના પ્રમુખ શ્રી હરણેશ પંડ્યાએ બેઠક દરમિયાન યોજનાના સફળતાપૂર્વકના અમલીકરણ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, યોજનાના અમલીકરણથી અગરિયાઓના કુટુંબની પાંચ પેઢીનું દેવું પાંચ વર્ષમાં ચૂકવવામાં આવ્યું છે. યોજનાથી ૭૦ ટકા ઉત્પાદન ખર્ચ ઘટ્યો અને ઉત્પાદકતા અને નફાકારકતા વધી છે. તેમની ધિરાણ લેવાની નિર્ભરતા ઘટી અને તેઓ સ્વતંત્ર્ય રીતે મીઠું પકવી બજારમાં વેચી રોજગારી મેળવી રહ્યાં છે. - ઋચા રાવલ

# અમદાવાદના દક્ષિણ અને પૂર્વ વિસ્તારમાં આજથી ૩ દિવસ સુધી પાણીનો કાપ રહેશે



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં વધુ એક વખત પાણી કાપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં આજથી આગામી ૩ દિવસ સુધી અલગ અલગ વિસ્તારોમાં પાણીનો કાપ રહેશે. આજથી ૧૧ જુલાઈ સુધી દક્ષિણ, પૂર્વ અને ઉત્તર ઝોનમાં પાણી કાપ રહેશે,

આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગરીયા એ કહ્યુ હતુ કે રસ્કા ખાતે શેઢી કેનાલના દરવાજાનુ રીપેરીંગ કામકાજ કરવાનુ હોવાના કારણે શહેરમાં પાણી કાપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૩ ઝોનના મણીનગર, ઈસનપુર, ઈન્દ્રપુરી, અમરાઈવાડી, હાટકેશ્વર, બાપુનગર, ઠક્કરનગર સહિત ૧૭ વોર્ડમાં પાણી કાપ રહેશે. ૩ દિવસ દરમિયાન કોતરપુર વોટરવર્કસ પ્લાન્ટ ખાતેથી થોડુ પાણી પહોંચાડવામાં આવશે, ઉલ્લેખનીય છે કે અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ફેબ્રુઆરી મહિનામાં પણ અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી કાપ મુકવાનો નિર્ણય લીધો હતો. કોતરપુર વોટર ડીસ્ટ્રીબ્યુશન લાઈનમાં લીકેઝ રીપેરીંગના કામને લઈ પાણી બંધ કરવામાં આવ્યુ હતુ જેથી ઉત્તર પશ્ચિમ ઝોન, મધ્ય ઝોનમાં પાણી કાપ કરવામાં આવ્યો હતો અને આ વિસ્તારોમાં રહેતા લોકોને પાણી મળ્યુ ન હતું. મળતી માહિતી પ્રમાણે કોતરપુર વોટર ડીસ્ટ્રીબ્યુશન લાઈનમાં લીકેજ હોવાથી અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી કાપ કરવામાં આવ્યો હતો.

શહેરના પશ્ચિમ, ઉત્તર અને મધ્ય ઝોનમાં પાણી કાપ કરાયો હતો જો કે ૫ ફેબ્રુઆરીથી પાણીનો જથ્થો રાબેતા મુજબ છોડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ શહેરમાં અનેક વખત પાણી કાપ કરવામાં આવ્યો છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી અગાઉ થી જ સ્થાનિકોને ધ્યાન દોરવામાં આવતા તેઓ પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરી દે છે અને શહેરીજનોને હાલાકી ભોગવવાનો વારો આવતો નથી.

### રાજ્યમાં સરેરાશ ૪૬.૮૯ ટકાની સામે કચ્છમાં સૌથી વધુ ૫૬ ટકા વરસાદ

# રાજ્યમાં ૫૦ ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું- ખરીફ વાવેતર પૂર્ણ

### અત્યાર સુધીમાં ૧૦ જિલ્લામાંથી ૪,૨૭૮ નાગરિકોનું સલામત સ્થળાંતર જ્યારે ૬૮૫નું રેસ્ક્યુ કરાયું

રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૭ જુલાઈ ૨૦૨૫ની સ્થિતિએ જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં ૫૦.૩૨ ટકા વિસ્તારમાં ખરીફ - ચોમાસું વાવણી પૂર્ણ કરી દેવામાં આવી છે.જેમાં સૌથી વધુ ૧૭.૫૯ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાજ્યભરમાં બીજા ક્રમે ૧૭.૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં કપાસ જ્યારે ૩.૧૦ લાખ હેક્ટરમાં ઘાસચારો,૧.૫૮ લાખ હેક્ટરમાં સોયાબીન,૧.૦૩ લાખ હેક્ટરમાં શાકભાજી તેમજ ૮૦ હજાર હેક્ટરમાં મકાઈનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સિવાય મુખ્યત્વે પાકમાં બાજરી, ડાંગર, તુવેર, મગ, મઠ, એરંડા, ગવાર અને જુવાર એમ અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૪૩.૦૫ લાખ હેક્ટર વિસ્તારમાં એટલે કે ૫૦.૩૨ ટકા વિસ્તારમાં ખરીફ વાવણી પૂર્ણ કરવામાં આવી છે તેમ,કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરના અહેવાલ મુજબ ચોમાસાની સિઝનમાં રાજ્યમાં સરેરાશ ૪૬.૮૯ ટકાની સામે કચ્છમાં સૌથી વધુ ૫૬ ટકા વરસાદ થયો છે.આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ૫૧.૧૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૫.૯૨ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૨૯ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૪૧.૬૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

ઉપરાંત ચાલુ સિઝનમાં રાજ્યના ૪૨ તાલુકામાં સરેરાશ ૪૦ ઈંચ સુધી, ૧૫ તાલુકામાં ૮૦ ઈંચ સુધી જ્યારે ૧૨૬ તાલુકાઓમાં સરેરાશ ૧૦ થી ૨૦ ઈંચ સુધી વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં બોરસદમાં અંદાજે ચાર ઈંચ, ગોધરામાં ૩.૭, ગાંધીધામમાં ૨.૩, ગાંધીધામમાં ૨.૨ તેમજ દેવભૂમિ દ્વારકામાં બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના ૩૪ ડેમ હાઈએલર્ટ, ૨૦ એલર્ટ ૧૯ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૪૮.૨૧ ટકા જેટલો જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં સ્થાનિક વહીવટી તંત્ર, એનડીઆરએફ અને એસડીઆરએફ દ્વારા અત્યાર સુધીમાં ૧૦ જિલ્લામાંથી ૪,૨૭૮ નાગરિકોનું સલામત સ્થળાંતર જ્યારે ૬૮૫નું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. રાજ્યમાં હાલ મોટાભાગના રોડ-રસ્તા તેમજ એસ.ટી બસના રૂટ કાર્યરત છે.

- જનક દેસાઈ

પશ્ચિમ રેલ્વે

સમારકામ અને નવીનીકરણ

ડિવિઝન રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, 6 માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008 ટેન્ડર સૂચના નંબર : BCT/25-26/145 તા. 04.07.2025 દ્વારા આમંત્રિત કરે છે. કામ અને સ્થાનઃ મુંબઈ સેન્ટ્રલ-બોમ્બાર્સી બોમ્બાર્સી ખાતે હેરિટેજ પ્રકારની છત, ટ્રસનું સમારકામ, જેમાં આંતરિક અને બાહ્ય નવીનીકરણનો સમાવેશ થાય છે. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 24558086.44/ E M D : રૂ. 272800.00/- સબમિશનની તારીખ અને સમય: તા. 29.07.2025 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 29.07.2025 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો 0368

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ચુંટણી હારવા છતાં મોન્ટુ પટેલ ફાર્મસી કાઉન્સિલનો પ્રમુખ બન્યો: ૫૫ હજારમાંથી મોન્ટુ પટેલને ફકત ૪૩૯ મત મળ્યા હતા: કેમિસ્ટ એસોસીએશન પ્રમુખ જશુ પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના પ્રમુખ મોન્ટુ પટેલ કેસ મામલે કેમિસ્ટ એન્ડ ડ્રગ્સ એસોસીએશનના પ્રમુખ જશુ પટેલે નિવેદન આપતા જણાવ્યુ હતુ કે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના પ્રમુખ માટે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના મેમ્બર બનવુ જરૂરી છે. ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં મોન્ટુ પટેલે દીવદમણ થી ઉમેદવારી નોંધાવી હતી. મોન્ટુ પટેલની ઉમેદવારીને કેન્દ્ર અને રાજય સરકારના આરોગ્ય મંત્રાલયને ઘણી ફરીયાદો થઈ હતી. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ૫૫ હજાર મત માં થી મોન્ટુ પટેલને ફકત ૪૩૯ મત મળ્યા હતા, મોન્ટુ



પટેલના નોમિનેશનને સાચો સાબિત કરવા જશુ ચૌધરીએ મહત્વની ભુમિકા ભજવી હતી. જશુ ચૌધરીએ બોગસ ખોટા ડોકયુમેન્ટની બેંક ડેટ માં એન્ટ્રી કરી હતી. મોન્ટુ પટેલની ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા મેમ્બર નો વિવાદ યથાવત છતાં દિવદમણ થી નોમિનેશન એક મોટો સવાલ છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા એક ઓટોનોમસ બોડી છે. મોન્ટુ પટેલ ઈલેકશન થયા સિવાય જ નિમાયો હતો. પ્રોફેસર અને પ્રિન્સિપાલ તરીકેનો અનુભવ હોવો જરૂરી છે. ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલની ચુંટણી હાર્યા છતાંય મોન્ટુ કઈ રીતે ફાર્મસી કાઉન્સિલનો પ્રમુખ બન્યો તે તપાસનો વિષય છે.

# સુરતમાં સોસાયટીના રહીશોએ સ્માર્ટ મીટરથી બચવા જુના મીટરને બચાવવા મીટર પેટીને લોખંડની જાળી સાથે તાળુ લગાવી દીધુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરત શહેરમાં પાંડેસરા વિસ્તારની સોસાયટીમાં સ્માર્ટ મીટરનો અનોખો વિરોધ નોંધાવ્યો છે. ગીતાનગર- ૩ માં રહેતા સોસાયટીના રહીશો દ્વારા સ્માર્ટ મીટરથી બચવા અને જુના મીટરને બચાવવા મીટર પેટીને લોખંડની જાળી મારી તાળુ મારી દેવામાં આવ્યુ છે.

સ્થાનિક સોસાયટીના રહીશ અંકિત કુમારે જણાવ્યુ હતુ કે અમે સ્માર્ટ મીટરથી બચવા માટે મીટરના બોક્ષની ઉપર જાળી લગાડીને તાળુ મારી દીધુ છે. તાળુ અમે એટલા માટે માર્યુ છે કે તેમાં સ્માર્ટ મીટર ના લગાડી શકાય, અમને સ્માર્ટ મીટર ઉપર ૧ ટકા પણ ભરોસો નથી. અમે જુના મીટરથી ખુશ છીએ, પ્રશાસનને અમે કહેવા માંગીએ છીએ કે જેમ ચાલે છે તેમ ચલાવવા દેવામાં આવે, જુના મીટરને જુનુ જ રહેવા દેવામાં આવે, અમે સ્માર્ટ લોકો નથી , અમે ભણેલા લોકો નથી, એટલે અમને સ્માર્ટ મીટર જોયતુ નથી, સ્માર્ટ મીટર અમારે લગાડવુ નથી, વધુમાં કહ્યુ હતુ કે સ્માર્ટ મીટર વિશે અમને કોઈ જાણકારી નથી, સ્માર્ટ મીટર કેવી રીતે કામ કરે છે કેટલીક ઘટનાઓ અમે સાંભળી છે કે સ્માર્ટ મીટરમાં લાઈટ બીલ વધુ આવે છે એટલે એમને સ્માર્ટ મીટર ઉપર રતીભર ભરોસો નથી, સ્માર્ટ મીટર અમારે લગાડવુ નથી, અધિકારી આવશે તો અમે તેમના પગ પકડીશુ અને પગ પકડીને તેઓને વિનંતી કરીશુ કે અમારે સ્માર્ટ મીટર લગાડવુ નથી. અમારૂ જે જુનુ મીટર છે તે જુનુ મીટર જ રહેવા દેવામાં આવે, અમે સ્માર્ટ મીટરને રોકવા માટે જીઈબી ઓફીસમાં પ્રાર્થના પત્ર પણ આપ્યો છે. અત્યાર સુધી તેના પર કોઈ વિચાર વિમર્શ કરવામાં આવ્યો નથી, આશ્વાસન આપ્યુ છે કે અમે આના પર વિચાર કરીશું,

# ઝઘડીયાની વીજ કચેરીમાં દારૂની મહેફીલ: ૩૮ વખત કોલ કર્યા છતાં ગ્રાહકને જવાબ ન મળ્યો: દારૂની મહેફીલ માણતો વીડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાની દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ કચેરીમાંથી ચોંકાવનારા દ્રશ્યો બહાર આવ્યા છે. ટાવર ફળીયામાં રહેતા ધવલ શાહ ના મકાનમાં રવિવારના રોજ વિજળી ડુલ થઈ હતી. લાઈટ ન આવતા ધવલ શાહે દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ કચેરીમાં ૩૮ વખત કોલ કર્યો પરંતુ કોઈ જવાબ ન મળતા અંતે તેઓ પોતાની માતા અને પત્ની સાથે કચેરીએ પહોચ્યા હતા. કચેરીમાં પહોચતા જ તેમણે જોયુ કે વીજ વિભાગના કર્મચારીઓ ઓફીસની અંદર દારૂની મહેફીલ માણી રહ્યા હતા. ટેબલ પર પેક બનેલા હતા અને કર્મચારીઓ નશાની હાલતમાં હતા. એક કર્મચારી દારૂની બોટલ છુપાવતો હોય તેવી રીતે કેમેરામાં કેદ થયો હતો. સમગ્ર ઘટના ધવલ શાહે પોતાના મોબાઈલમાં કેદ કરી આ વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ કરતા ચકચાર મચી જવા પામી છે. ધવલ શાહે જણાવ્યુ હતુ કે મારી પાસે વાહન અને સગવડ હતી એટલે કચેરીએ પહોચી શકયો પણ કોઈ ગરીબ માણસ હોત તો તેને અંધારામાં રાત કાઢવી પડત, આવા બેફામ અને બેદરકાર કર્મચારીઓ સામે તાત્કાલીક કડક કાર્યવાહી થવી જોઈએ. આ ઘટનાએ વીજ વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. આ મામલે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના એસી ઉમેશ ચંદરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ વિડીયો બાબતે




અમને જાણ થઈ છે. અમે ઉપરી અધિકારીઓને જાણ કરી છે અને આગળની તપાસ બાદ યોગ્ય પગલા લેવામાં આવશે.

# અરવલ્લી જિલ્લાના ભિલોડામાં દિન દહાડે યુવકની ચપ્પુના ઘા ઝીકી હત્યા: ધોલવાણી ૩ રસ્તા નજીક બનેલો બનાવ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતેના ધોલવાણી ૩ રસ્તા નજીક દિન દહાડે એક યુવકની ચપ્પુના ઘા ઝીકીને ઘાતકી હત્યા કરી દેવામાં આવતા સમગ્ર ભિલોડા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અન્નપૂર્ણા સોસાયટીમાં રહેતા દર્શન પટેલ નામના યુવકની હત્યા કરી નાખવામાં આવી છે,

મળતી માહિતી અનુસાર આ હત્યા કયારે થઈ તે હજુ સુધી બહાર આવ્યુ નથી, જો કે યુવકની હત્યા પાછળનુ ચોકકસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયુ નથી, પરંતુ પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતા જ ભિલોડા પોલીસનો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી ગયો હતો અને મૃતદેહનો કબ્જો લઈ વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક દર્શન પટેલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભિલોડા કોટેજ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ હત્યાનુ કારણ અન્ય વિગતો વધુ સ્પષ્ટ થઈ શકશે. આ ઘટના અંગે મૃતક દર્શન પટેલના પિતાએ ભિલોડા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે ટાકાટુકા ગામના નિસર્ગ પટેલ નામના શખ્સ વિરૂધ્ધ પોલીસે હત્યા નો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સુત્રોના કહેવા પ્રમાણે નિસર્ગ પટેલની શોધખોળ શરૂ કરવામાં આવી છે અને તેને ઝડપી લેવા માટે પોલીસે જુદી જુદી ટીમોને કામે લગાડી છે. આ ઘટનાથી ભિલોડા અને એની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો છે. લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે કે આખરે કયા કારણોસર આ યુવકની આટલી ઘાતકી રીતે હત્યા કરવામાં આવી ? શું આ અંગત અદાવતનુ પરીણામ છે કે પછી અન્ય કોઈ કારણ ? પોલીસે આ મામલે સઘન તપાસ હાથ ધરી છે અને ટુંક સમયમાં જ સત્ય બહાર આવે તેવી પોલીસને આશા જન્મી છે.

પોલીસ આ મામલે જુદા જુદા પાસાઓની તપાસ કરી રહી છે, જેમાં અંગત સંબંધો, પ્રેમ પ્રકરણ, વ્યવસાયીક દુશ્મનાવટ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. ટાકાટુકા ગામના નિસર્ગ પટેલની ધરપકડ બાદ જ હત્યા પાછળના રહસ્ય પરથી પડદો ઉચકાશે. સમગ્ર મામલે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાતમાં સગીર યુવતિઓ પર બળાત્કારના વધતા જતા બનાવો : અમદાવાદ ના બોપલમાં ધાબા પર સગીરના હાથ બાંધી પછી હેવાને ભર્યા બચકા : પ્રતિકાર કરતા આરોપીએ ગુજાર્યો બળાત્કાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવુ ગુજરાતની પ્રજા અનુભવી રહી છે. કહેવાય છે કે છેલ્લા કેટલાય સમયથી સગીર યુવતિઓ પર ગુજરાતના બળાત્કારના બનાવો દિન પ્રતિદિન વધી જવા પામ્યા છે.

અમદાવાદના વિકસિત બોપલ વિસ્તારમાં સીકયુરીટી ગાર્ડ હેવાન બન્યો છે. સીકયુરીટી ગાર્ડે ૧૭ વર્ષની સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી હતી, ફલેટના ધાબા પર લઈ જઈ સગીરા સાથે દુષ્કર્મ ગુજાર્યુ હતું. બોપલ પોલીસે બળાત્કાર અને પોકસોની કલમ હેઠળ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી છે. મળતી માહિતી પ્રમાણે બોપલમાં સીકયુરીટી ગાર્ડે ફલેટમાં રહેતી એક સગીરાનો પીછો કરીને લીફટમાં તેની સાથે શારીરિક છેડતી કરી હતી. બાદમાં ૧૦ માં માળની જગ્યાએ ૧૭ માં માળ સુધી લીફટ લઈ જઈને ત્યાંથી સગીરાને ઉંચી કરીને ધાબા ના દરવાજા સુધી લઈ જઈને દુપટ્ટા વડે હાથ બાંધીને દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ કોઈને જાણ કરીશ તો મારી નાખવાની ધમકી આપીને સીકયુરીટી ગાર્ડ જતો રહ્યો હતો. આ અંગે સગીરાની માતાએ સીકયુરીટી ગાર્ડ વિરૂધ્ધ બોપલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે શહેર છોડીને ભાગે તે પહેલા ઝડપી લીધો હતો. આરોપીએ વાળ અને મુંછો કઢાવીને ચહેરો બદલી નાખ્યો હતો અને નોકરી પુર્ણ થાય તે અગાઉ યુનિફોર્મ પણ બદલી નાખ્યો હતો.

શાંતિપુરા પાસે ૩૫ મહિલા પરીવાર સાથે રહે છે અને ત્યાં આસપાસના ફલેટમાં કચરા પોતાનુ કામ કરે છે. જેમાં તે કામ કરવા પોતાની ૧૭ વર્ષીય સગીરાને સાથે લઈને જતી હતી. સોમવારે સવારે મહિલાએ પોતાની સગીર પુત્રીને કામ કરવા જતી ત્યાં ૧૦ મા માળે એક ઘરમાં થોડુ મોડુ થશે તેમ કહેવા મોકલી હતી. જેથી સગીરા ત્યાં કહેવા માટે લીફટમાં ગઈ ત્યારે સીકયુરીટી ગાર્ડ ૨૨ વર્ષીય વિનોદ જાટવ સગીરાનો પીછો કરીને તેની સાથે લીફટમાં ઘુસ્યો હતો. બાદમાં લીફટમાં તેની સગીરાની છેડતી કરી હતી. ત્યારબાદ તેને ૧૦ માં માળે લીફટમાંથી નિકળવા ન દઈને ૧૭ માં માળ સુધી લીફટ લઈ જઈને ત્યાંથી તેને ઉચકીને ધાબા પર લઈ ગયો હતો. પરંતુ ધાબાના દરવાજાને લોક હોવાથી દરવાજા પાસે સગીરાના બંને હાથ દુપટ્ટા વડે બાંધીને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગ્રામીણ સ્વ-સહાય જુથોને લોન-ધિરાણ પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા પર ભાર મુકયો


## ગુજરાતમાં સ્વ-સહાય જુથોની સ્થિતિ અને લક્ષ્યાંક: જિલ્લા સ્તરીય કેમ્પ અને સરળ પ્રક્રિયા પર ભાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયની સહકારી બેંકોને ગ્રામિણ સ્વ સહાય જુથો (સખી મંડળો) ને લોન અને ધિરાણ આપવાની પ્રક્રિયાને સરળ અને વેગવાન બનાવવા અનુરોધ કર્યો છે તેમણે ગાંધીનગરમાં સહકારી બેંકોના અધ્યક્ષો અને નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશન (એનઆરએલએમ) અંતર્ગત લોન સહાય કામગીરીની સમિક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા આ વાત જણાવી હતી. આ બેઠકમાં ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ, સહકાર રાજય મંત્રી જગદીશ વિશ્વકર્મા અને ગ્રામ વિકાસ રાજય મંત્રી કુંવરજી હળપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ગ્રામિણ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો ધ્યેય આવા વધુને વધુ લોન ધિરાણ દ્વારા જ પાર પાડી શકાશે. તેમણે સ્પષ્ટ પણે કહ્યુ હતુ કે સ્વ-સહાય જુથો એવા નાના વ્યવસાય રોજગાર કરનારા જુથો હોય છે કે તેમને સહકારી બેન્કો જેટલુ વધુ ધિરાણ આપે તેટલુ ઉત્તમ કામ તેઓ કરી શકે છે. હાલમાં ગુજરાતમાં ખેતી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૧.૭૬ લાખ ઉત્પાદક અને વેપાર સાથે જોડાયેલા ૧૬૬૦૮ તથા અન્ય આજીવિકા સાથે જોડાયેલા ૬૭૭૩ મળીને કુલ ૨.૮૪ લાખ ગ્રામિણ સ્વ-સહાય જુથો કાર્યરત છે.

એનઆરએલએમ અંતર્ગત કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા આ જુથોને વધુમાં વધુ રૂપીયા ૨૦ લાખ સુધીની લોન આપવાની જોગવાઈ છે. ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની આ હેતુસર સ્વ-સહાય જુથોને લોન ધિરાણ મેળવવામાં મદદરૂપ



થાય છે. સમિક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યુ હતુ કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૫-૨૬ ના વર્ષમાં ૮૮૨૦૦ સ્વ-સહાય જુથોને ૧૨૪૦ કરોડ ના ધિરાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેમાંથી અત્યાર સુધીમાં ૧૩ હજાર થી વધુ જુથોને ધિરાણ આપી દેવામાં આવ્યુ છે. મુખ્યમંત્રીએ ગ્રામિણ સ્વ સહાય જુથોને ઝડપથી અને સરળતાથી લોન ધિરાણ મળી રહે તે માટે સંવેદના દર્શાવી હતી અને સહકારી બેંકોને આવા લોન ધિરાણ માટે જિલ્લા સ્તરે કેમ્પ યોજવા માટે દિશા નિર્દેશો આપ્યા હતા. તેમણે આવા કેમ્પમાં આવેલી અરજીઓની ઝડપી સ્કુટીની થી લઈને ધિરાણ મળવા સુધીની પ્રક્રિયાને રાજય સરકારના સંબંધીત વિભાગોના માર્ગદર્શનમાં વધુ વેગવાન બનાવવા તાકીદ કરી હતી. તેમણે બેંકોને સ્વ સહાય જુથો પ્રત્યે ઉદારતા રાખીને બિનજરૂરી રીતે એકપણ અરજી નામંજુર ન થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ સહકારી બેંકોના ચેરમેનો, એમડી અને પદાધિકારીઓને ખાસ આગ્રહ કર્યો હતો કે બહેનોને લોન ધિરાણ મેળવવાની સમજ આપવા અને યોગ્ય તાલીમ માટેના વર્કશોપ કેમ્પ પણ કલસ્ટર લેવલે યોજાય તે જરૂરી છે તેમણે સ્પષ્ટપણે કહ્યુ હતુ કે સ્વ સહાય જુથની બહેનો આર્થિક ઉપાર્જન સાથે પરીવારનો આધાર બની રહે છે. જેથી તેમને આવી લોન અપાય તો તેમના દ્વારા પુનઃ ભરપાઈની સુનિશ્ચિતતા છે જ આથી સહકારી બેંકોને એનપીએ(નોન પરર્ફોમીંગ એસેટસ ) થવાનો સંદેહ રાખવાની આવશ્યકતા નથી. મુખ્યમંત્રીએ સહકારી બેંકોના અધ્યક્ષો અને રાજય સરકારના સંબંધીત અધિકારીઓ વચ્ચે આવી સમિક્ષા બેઠક ગ્રામ વિકાસ મંત્રી કક્ષાએ નિયમિતપણે દર ૩ માસે યોજાય તેવુ પણ સુચન કર્યુ હતું. આ સમિક્ષા બેઠકમાં રાજયની સહકારી બેંકોના અધ્યક્ષો તથા નાણાં અને ગ્રામ વિકાસ વિભાગના અગ્રસચિવો, નાબોર્ડના ચીફ જનરલ મેનેજર, એસએલબીસી ના કન્વીનર અશ્વિનીકુમાર અને રાજય સરકારના સંબંધીત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ચૈતર વસાવા અને પી ટી જાડેજા મામલે શંકરસિંહ વાઘેલા આવ્યા મેદાને : ખોટી રીતે ગંભીર કલમો ઉમેરીને બંનેને ફસાવવામાં આવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અત્યારે ભાજપની સરકાર છે કે તાનાશાહી ચાલી રહી છે તે વિચારવુ મુશ્કેલ બન્યુ છે. કારણ કે છેલ્લા કેટલાક દિવસોમાં જે રીતે રાજકોટના ક્ષત્રીય આગેવાન પી ટી જાડેજા અને ધારાસભ્ય ચૈતર વસાવા સામે જે કાર્યવાહી કરવામાં આવી છે તો ખરેખર ભાજપ સરકારની તાનાશાહી બતાવતી હોય તેવુ લાગે છે. એક આરતી કરવા જેવી બાબતે ધમકી આપી અને તે ધમકી મામલે પી ટી જાડેજાને પાસા હેઠળ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ



ધારાસભ્ય ચૈતર વસાવાની સામે હત્યાના પ્રયાસનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

હવે આ મામલે ગુજરાતમાં રાજકારણ ગરમાયુ છે. પૂર્વ મુખ્યમંત્રી અને પ્રજાશકિત ડેમોક્રેટિક પાર્ટીના સંયોજક શંકરસિંહ વાઘેલા મેદાને આવ્યા છે અને સરકાર સામે બાંયો ચઢાવી છે અને આ બધુ જે સરકાર કરી રહી છે તે વિપક્ષોની સાથે બદલો લેવા કરી રહી છે.

ખાસ તો જે રીતે ચૈતર વસાવાના કેસમાં જે કલમ ૩૦૭(નવી કલમ મુજબ ૧૦૯) એટલે કે હત્યાના પ્રયાસનો ગુન્હો બને તેવુ ઉમેરવામાં આવ્યુ છે તે ખોટુ છે, સામાન્ય રીતે બેઠકોમાં આ પ્રકારની ઘટનાઓ બનતી રહે છે પરંતુ તેમાં આટલી ગંભીર કલમ ઉમેરવાની જરૂર નથી,

# રોડ નહી તો ટોલ નહી : પહેલા રોડ આપો પછી માંગો ટોલ : ભાજપ સરકાર ચોર હૈ સહિતના સુત્રોચ્ચાર કરી ટોળાએ રાજકોટ કલેકટર કચેરી ગજવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ જેતપુર હાઈવેનુ ૨૦ મહિનાથી વધુ સમયથી ચાલતુ કાત પુર્ણ થતુ ન હોય અને કામ સમયસર પુર્ણ નહી થવા બદલ દંડનીય કાર્યવાહી કરવાના બદલે આ હાઈવેનુ કામ પુર્ણ કરવા માટે વધુ એક વરસની મુદત વધારવામાં આવતા હવે જુન ૨૦૨૬ માં કામ પુર્ણ થાય તેવી સ્થિતિ છે. ત્યારે હાઈવેની ખરાબ હાલત થી ત્રાહીમામ પોકારી ઉઠેલા વાહન ચાલકોનુ નેતૃત્વ લઈને આજે મંગળવારે કોંગ્રેસ દ્વારા રેલી સ્વરૂપે ધસી જઈને કલેકટર કચેરીને ઘેરાવ કરવામાં આવ્યો હતો. તેમજ રાજકોટ કલેકટર ડો. ઓમ પ્રકાશ સમક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, લાલજી દેસાઈ અને પાલ આંબલીયા દ્વારા વહેલામાં વહેલી તકે રાજકોટ જેતપુર હાઈવેનુ કામ પુર્ણ કરવામાં આવે તે સહિતની ૯ માંગણીઓ રજુ કરવામાં આવી હતી.

રાજકોટ જેતપુર ૬ લેન હાઈવેના રૂપીયા ૧૨૦૪ કરોડના ખર્ચે ૬૭ કિ.મી. નુ કામ છેલ્લા ૨૦ મહિનાથી ચાલી રહ્યુ છે. જેના લીધે રાજકોટ સહિત સૌરાષ્ટ્રથી જેતપુર અવર જવર કરતા અઢી લાખથી વધુ લોકો પરેશાન થઈ રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૨ માં આ માર્ગનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ અને બે વર્ષ એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૫ માં ૬૭ કિ.મી. ના માર્ગનુ સંપૂર્ણ કામ પુર્ણ કરવાનુ હતું. જેની જગ્યાએ માત્ર ૨૦ કિ.મી. નુ જ કામ થયુ છે. કામગીરી સમયસર પુર્ણ કરાવવાની જગ્યાએ તંત્ર દ્વારા સમય અવધી વધારી જુન ૨૦૨૬ કરી દેવામાં આવી છે. હાલમાં વરસાદને કારણે રાજકોટ જેતપુર હાઈવે પર ખાડા પડી જતા ભારે ટ્રાફીક જામ સર્જાઈ રહ્યો છે. આ સાથે બિસ્માર રસ્તાથી અકસ્માતો પણ




વધી રહ્યા છે. રાજકોટ જેતપુર હાઈવે ઉપરથી રોજે રોજ પસાર થતા અંદાજે અઢી લાખ લોકોની સમસ્યાને લઈને આજે મંગળવારે કોંગ્રેસ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ જનહિત હાઈવે હક્ક આંદોલન સમિતિ દ્વારા કલેકટર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. હાથ અને માથામાં પાટા બાંધી ભાજપ સરકાર ચોર છે, રોડ નહી તો ટોલ નહી, ના નારા સાથે કોંગ્રેસ કાર્યકર્તાઓ કલેકટર કચેરી પહોચ્યા હતા. કેન્દ્રીય વાહન વ્યવહાર મંત્રી નિતીન ગડકરીના પોસ્ટર બતાવવામાં આવ્યુ હતુ જેમાં ગડકરીના સ્થાને ગડ્ડા કરી લખવામાં આવ્યુ હતું. તમામ લોકોની એક જ માંગ છે કે પહેલા આપો રોડ અને પછી માંગો ટોલ, કોંગ્રેસ અને જનહિત હાઈવે હક્ક આંદોલન સમિતીના આગેવાનો, કાર્યકરો અને વેપારીઓ સહિતના આ વિરોધમાં જોડાયા હતા. તમામ લોકોએ ક્રોસ રોડ થી અડધા કિ.મી. ની રેલી કાઢી કલેકટર કચેરીએ પહોચ્યા હતા. રેલીને પગલે રોડ રસ્તા બંધ થઈ ગયા હતા. કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યુ હતુ કે રાજકોટ જેતપુર ૬ લેન હાઈવે ઉપરથી રોજેરોજ નિકળતા અઢી લાખ વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને એમ્બ્યુલન્સ તેમાં ફસાઈ જતા દર્દીઓ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાય છે અને અનેકના મૃત્યુ પણ થયા છે અને આ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એટલુ જ કહેવાનુ કે એક વખત રાજકોટ જેતપુર વચ્ચે રોડ શો યોજે તો આ હાઈવેનુ કામ તુરંત થઈ જશે. આજે કલેકટર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો જેમાં અમારી માંગ હતી કે રોડ નહી તો ટોલ નહી, ટોલ પ્લાઝા ઉપર ૧૫૦ કરોડ વરસે વસુલ્યા બાદ પણ નેશનલ હાઈવે ઓથોરીટીના પેટનુ પાણીય હલ્યુ નથી. ત્યારે રાજકોટ કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા હાઈ લેવલની કમિટી બનાવવામાં આવે અને આ હાઈવેનુ કામ વહેલી તકે પુર્ણ થાય તેવી માંગણી કરવામાં આવી હતી.

# પાંચ મહિનાથી એફઆરસી ના ચેરમેનની નિમણુંક નહી કરવામાં આવતા ખાનગી સ્કુલોએ બારોબાર ફી વધારી દીધી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની સ્કુલોમાં નવા સત્રની શરૂઆત થઈ ગઈ છે. સ્કુલો શરૂ થઈ ગઈ હોવા છતાં રાજકોટમાં ફી નિયમન કચેરીમાં લોલમલોલ ચાલી રહ્યુ છે. છેલ્લા પાંચ મહિનાથી એફઆરસીના ચેરમેનની નિમણુંક નહી કરાઈ હોવાથી ખાનગી શાળાઓ મનફાવે તેમ ફી વસુલી રહી હોવાના આક્ષેપો કરાયા છે.

૬૦૦ થી વધુ શાળાઓની ફી હજુ સુધી નકકી નથી થઈ શકી, જેના કારણે મોંઘવારીના સમયમાં વાલીઓના ખભે મોંઘવારીનો માર મરાયો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે




રાજકોટમાં છેલ્લા પાંચ મહિનાથી એફઆરસીના ચેરમેનની નિમણુંક કરવામાં આવી નથી જેના કારણે ૬૦૦ થી વધુ શાળાઓની ફી નકકી થઈ શકી નથી, એફઆરસીની મંજુરી વિના અનેક શાળાઓએ બારોબાર ફી માં વધારો કરી દીધો છે.

મનફાવે તેમ ફી વસુલી ને વાલીઓના ખીસ્સા ખાલી કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ મહિનાથી ચેરમેન વિના કમિટી ટપ્પ થઈ ગઈ છે. સૌરાષ્ટ્ર ઝોન ફી નિયમન કમિટીના ચેરમેન પદે નિવૃત્ત જજ ની નિમણુંક થાય છે. પરંતુ છેલ્લા પાંચ મહિનાથી આ પદ પર કોઈ નિમણુંક કરાઈ નથી, સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાની પાંચ હજાર થી વધુ ખાનગી શાળાઓ ફી નિયંત્રણ વિના ધમધમી રહી હોય તેવો ઘાટ સર્જાયો છે. ખાનગી શાળાઓએ ચેરમેન નહી હોવાથી બારોબાર ફી માં મસમોટો વધારો કરી નાખતા મોંઘવારીનો વધુ એક માર વાલીઓએ સહન કરવાનો વારો આવ્યો છે.